
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રાર્થના. ... ... ... | ( બાબુલાલ શાહ નડોદકર. ) | ... ૨૪૭ |
| ૨ | પંચમહાવ્રત તથા તેમની ભાવના. | ( સ. ક. વિ ) | ... ૨૪૮ |
| ૩ | સત્યજ્ઞાનનું રહસ્ય. ... ... ... | ( અનુવાદ ) | ... ૨૫૦ |
| ૪ | જૈન સાહિત્ય ચિત્રકળા પ્રદર્શન. ... | ( ચોકસી ) | ... ૨૫૨ |
| ૫ | પાંચ સકાર. ... ... | ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ... ૨૫૫ |
| ૬ | ગામડું અને શહેર. ... | ( રાજપાળ વ્હોરા ) | ... ૨૫૯ |
| ૭ | શ્રીવીર-વિહાર મીમાંસા. ... | ( શ્રી વિજયેન્દ્રસૂરિજી મહા૦) | ... ૨૬૧ |
| ૮ | જૈન તત્ત્વસાર. ... ... | ( સ. ક. વિ. ) | ... ૨૬૮ |
| ૯ | આ માસમાં થયેલા નવા આચાર્ય મહારાજો. ... | | ... ૨૭૦ |


## અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦ ૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦ | ૦-૩-૦ |

લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

### શ્રી પૂર્વાચાર્યના મૂળ ગ્રંથનું શુદ્ધ અને સરલ ભાષાંતર.

### ( છપાય છે )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, એટલા મનોહર અને બાળજીવો સરલતાથી તરતજ ગ્રહણ કરી શકે બલ્કે કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા રસમય સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે, મદદની જરૂર છે. આર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ અલ્પ કિંમતથી કે વિના મૂલ્યે સભાના ધારા પ્રમાણે ભેટ પણ આપી શકાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો. "

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६२. वैशाख आत्म सं. ४०. { अंक १० मो.

## પ્રાર્થના

[ચાલ : નાગર વેલીઓ રોપાવ...]

આત્મ જ્ઞાનને જગાવ, મારા સૂના અંતરમાં;
ઝળક જ્યોતિ ઝબકાવ, મારા સૂના અંતરમાં આત્મ૦
અહિંસા બખ્તર પહેરી,
આપ ઉતર્યા ભવ પારે;
અખંડ અહિંસા વસાવ, મારા સૂના અંતરમાં આત્મ૦
સત્યના સેવન વિના,
જગ–જીવન નહિ જ્યોતે;
સાચું સત્ય સોહાવ, મારા સૂના અંતરમાં આત્મ૦
મોહ, મમતાને રાગો,
બાળુ જીવન પલટાવે;
અંકુર એના ઉજાડ, મારા સૂના અંતરમાં આત્મ૦

બાબુલાલ શાહ, નડોદકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંચ મહાવ્રત તથા તેમની ભાવના

**શરૂઆતમાં આદર્શભૂત શ્રી મહાવીર પ્રભુનું અખિલચરિત્ર મનન કરી વિચારી જવું. પછી દરેક મહાવ્રતને તેની રક્ષા અને પુષ્ટિ કરનારી ભાવના સાથે અવધારવાં.**

---

૧ હે ભગવંત ! હું સર્વથા પ્રાણાતિપાત–જીવહિંસાનો ત્યાગ કરૂં છું. કોઈ સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર જીવને હું મન, વચન, કાયાવડે હણીશ, હણાવીશ કે હણતા પ્રત્યે અનુમોદીશ નહિ. વળી ત્રિકાળ વિષય જીવહિંસાને પડિક્કમું છું, નિંદું છું, ગર્હું છું અને તેવા દુષ્ટ સ્વભાવને વોસરાવું છું.

પ્રથમ મહાવ્રતની ભાવના.–૧ ઈર્યાસમિતિ એટલે ગમનાગમન ક્રિયા પ્રસંગે જયણા સહિત ચાલવું. ૨ મનગુપ્તિ સાચવવી. એટલે મનમાં માઠા વિચાર આવવા ન દેવા. ૩ વચનગુપ્તિ પાળવી એટલે જીવોપઘાતક–પાપવાળું વચન નહિ ઉચ્ચારવું, પણ જરૂર પડે ત્યારે–નિષ્પાપ વચન જ ઉચ્ચારવું. ૪ ભંડોપકરણ લેતાં મૂકતાં જયણા–સહિત પ્રવર્તવું અને ૫ આહારપાણી જોઈ તપાસી જયણા સહિત વાપરવાં. જોયા વગર વાપરવા નહિં.

૨ હું સર્વથા મૃષાવાદનો ત્યાગ કરૂં છું. ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી ત્રિવિધ ત્રિવિધ એટલે મૃષા ભાષણ કરૂં, કરાવું, કે અનુમોદું નહિં. વળી તે મૃષાવાદને પડિક્કમું છું, નિંદુ છું, ગરહું છું, અને તેવા દુષ્ટ સ્વભાવને વોસરાવું છું.

ભાવના–૧ વિમાસી (વિચારી)ને બોલવું. સહસા બોલી નાખવું નહિ. ૨–૫ ક્રોધ, લોભ, ભય અને હાસ્યનું સ્વરૂપ સમજી તે દોષ દૂર કરવા, કેમકે તેથી સહસા જૂઠું બોલી જવાય છે.

૩ હું સર્વથા અદત્તાદાન વર્જું છું. અર્થાત્ ગામ, નગર કે અરણ્યમાં, થોડું કે ઘણું, નાનું કે મોટું, સચિત્ત અચિત્ત કે મિશ્ર કંઈપણ અણદીધેલું હું ઉપર જણાવ્યા મુજબ મન, વચન, કાયાથી જીવિત પર્યંત લઈશ, લેવરાવીશ કે લેતાને અનુમોદીશ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના–૧ રહેવા માટે વિચારીને પરિમિત અવગ્રહ માંગવો. ૨ ગુર્વાદિક વડિલની રજા લઈને આહારપાણી વાપરવાં. ૩ કાળમાનની અવધિ બાંધી અવગ્રહ માગવો. ૪ અવગ્રહ માગતા વારંવાર હદ બાંધવા લક્ષ રાખવું અને ૫ પોતાના સાધર્મિક ( સાધુ ) પાસે પણ પરિમિત અવગ્રહ માગવો. ઉકત ભાવનાઓથી એ મહાવ્રત રૂડી રીતે આરાધિત થાય છે.

૪– હું મૈથુન સર્વથા તજું છું. એટલે દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી વિષયક્રીડા મન, વચન અને કાયાએ કરૂં, કરાવું કે અનુમોદું નહિં.

ભાવના–૧ વારંવાર સ્ત્રીકથા કર્યા કરવી નહિ. ૨ સ્ત્રીના અંગોપાંગ નિરખીને જોવા નહિં. ૩ પૂર્વે કરેલી કામક્રીડા યાદ કરવી નહિં. ૪ સ્નિગ્ધ રસકસવાળું પ્રમાણરહિત ભોજન કરવું નહિં. અને ૫ નિર્દોષસ્થાન, આસન, સ્ત્રી, પશુ–પંડક રહિત હોય તેવાં સેવવાં. અન્યથા વિક્રિયા થવાથી ધર્મભ્રષ્ટ થઈ જવાય છે.

૫ હું સર્વથા પરિગ્રહને તજુ છું. ત્રીજા મહાવ્રતની પેરે યાવત્ તેવા દુષ્ટ સ્વભાવને વોસરાવું છું.

ભાવના–૧–૫ ભલા કે ભુંડા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પામી તેમાં આસક્ત, રક્ત, ગૃહ, મોહિત, તલ્લીન કે વિવેકવિકળ થઈ જવું નહિં. રાગ, દ્વેષ કરવો નહિ. એવી રીતે સાવધાનપણે સાધુ યોગ્ય આચારમાં પ્રવર્તતાં ઉકત મહાવ્રત આરાધિત થાય છે.

**ઉપસંહાર**—ઉકત પાંચ મહાવ્રતો તેની દરેકની પાંચ પાંચ ભાવના સાથે મનનપૂવક વાંચી, તેમાંથી બને તેટલું જીવનમાં ઉતારવા પ્રયત્ન કરતા રહેવાથી તેની સાર્થકતા થઇ શકે છે. એ વગર ક્રિયા–જડતા આવે છે અને ‘ ક્રિયા કરત હે ધરત હે મમતા, આઈ ગલેમેં ફાંસી ’ એ શ્રીમાન્ ઉપાધ્યાયજીના વચન પ્રમાણે સંસાર વધારવાના કારણરૂપ બને છે. તેમ ન બનતાં જેમ ભવ ભ્રમણ મટે તેમ દરેક મહાવ્રતની શુદ્ધ સમજ મેળવી તે દરેકની પાંચ પાંચ ભાવના સહિત તેનું પાલન કરવા પ્રયત્ન કરવો–કરાવવો ઉચિત છે એ વગરની ક્રિયા–જડક્રિયા ઘાંચીના બેલની જેવી લગભગ કલેશરૂપ થાય છે. તેથી જ મહાપુરૂષોએ જેમ રહસ્યનો જાતે અનુભવ મેળવી આપણા એકાન્ત લાભ માટે ઉપદેશ્યો છે તે સાર્થક કરવા દરેક આત્માર્થી જને બનતો પ્રયત્ન કરવો ઉચિત છે.

[ ઇતિશમ ]

સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્ય જ્ઞાનનું રહસ્ય.
## (જૈન દષ્ટિએ)

ગતાંક પૃષ્ઠ ૧૯૫ થી શરૂ.

શૂન્યમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થઇ એવી કેટલાક બ્રહ્મવાદીઓની માન્યતા સર્વથા પોગળ છે. કરોળીયો શરીરમાંથી જાળ કાઢે છે, સ્વપ્ન–સેવકનું ચિત્ત સ્વપ્ન–વિશ્વ ઉત્પન્ન કરે છે એ જ પ્રમાણે પરમાત્મા (પોતાની અંદરથી) વિશ્વ ઉત્પન્ન કરે છે એમ બ્રહ્મવાદીઓ માને છે. કરોળીયો જાળને પોતાનાં શરીરની અંદર પાછી ખેંચી લે છે તેમ પરમાત્મા પણ આખાં યે વિશ્વનું શોષણ કરે છે અને એ રીતે વિશ્વનો પ્રલય થાય છે, એવી બ્રહ્મવાદીઓની માન્યતા છે. આ માન્યતામાં નર્યો દ્વૈતવાદ છે. ચિત્તનું લેશ પણ સમાધાન તેથી શક્ય નથી. પરમાત્માની કેવી વૈરબુદ્ધિ ? કેવું વિચિત્ર અને વિવેકશૂન્ય મંતવ્ય ?

સૃષ્ટિના કર્તા અને વિશ્વના સંબંધમાં મુસ્લીમો અને ઇસાઇઓની શી માન્યતા છે તે આપણે હવે જોઇએ. સૃષ્ટિની ઉત્પત્તિ ધૂળમાંથી થઈ એમ મુસ્લીમો માને છે. જો સૃષ્ટિની ઉત્પત્તિ ધૂળમાંથી જ થઇ છે એમ માની લઇએ તો ધૂળનું અસ્તિત્વ ઇશ્વરથી પર હતું કે કેમ ? અથવા તો ધૂળની ઉત્પત્તિ સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં ઇશ્વરે કરી હતી કે કેમ ? એ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. 'કુન' શબ્દમાં અવધારિત થયેલ આજ્ઞા કોણે શિરોમાન્ય ગણી ? પ્રથમ વસ્તુની ઉત્પત્તિ કયા પદાર્થમાંથી થયેલી ? એ બે પ્રશ્નો પણ યોગ્ય સમાધાન માગી લે છે.

પરમાત્માએ પ્રથમ વસ્તુનું સર્જન કરવાનો સંકલ્પ કર્યો હશે તે સમયે કોઇનું અસ્તિત્વ ન હતું. કોઇ પણ જીવાત્માનું અસ્તિત્વ ન હતું તો પરમાત્માની આજ્ઞા કોણે માની એ પ્રશ્ન સાહજિક રીતે ઊઠે છે. પરમાત્માએ પ્રથમ જે વસ્તુ બનાવી તે વસ્તુનું દ્રવ્ય ક્યાંથી આવ્યું ? એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. પરમાત્મા સિવાય બીજું કશું યે ન હતું તેથી આ પ્રશ્ન ઘણો વિચારણીય થઇ પડે છે. પરમાત્માએ પોતે જ પોતાની આજ્ઞાનો અમલ કર્યો અને પ્રથમ વસ્તુનું સર્જન પરમાત્માએ (પોતાની અંદરથી) પોતે જ કર્યું એમ જો શક્ય હોય તો જ આ બે પ્રશ્નોનું સમાધાન થઇ શકે છે. શૂન્યમાંથી કોઈ તત્ત્વ વસ્તુ નિષ્પન્ન થઇ શકે, એ મંતવ્ય વિવેકશૂન્ય થઇ પડે છે. વિશ્વની ઉત્પત્તિ કેમ થઈ તે સંબંધી ખ્રીસ્તીઓ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુસ્લીમોનાં ધર્મશાસ્ત્રોમાં લગભગ એક સરખો નિર્દેશ છે. પરમાત્માએ પ્રકાશનો ઉદ્ભવ પ્રથમ થાય એવી ઇચ્છાથી પ્રકાશના આવિર્ભાવ નિમિત્તે પ્રથમ આજ્ઞા કરી એમ ખ્રીસ્તી ધર્મશાસ્ત્ર જણાવે છે. પરમાત્માએ પ્રકાશનો આદેશ આપ્યો તે અગાઉ તેમને પ્રકાશનાં સ્વરૂપનો ખ્યાલ અવશ્ય આવ્યો હોવો જોઇએ એમ કહી શકાય. પ્રકાશની પ્રતિકૃતિનો ચિત્તમાં આવિર્ભાવ થયા વિના પ્રકાશની આજ્ઞા કેમ સંભવી શકે ? પ્રકાશનો ઉદ્ભવ થયા પછી પ્રભુને પ્રકાશ સુંદર લાગ્યો. પ્રકાશ સુંદર હોવાની પ્રભુએ ઘોષણા પણ કરી. પ્રકાશના સર્જન અગાઉ પ્રકાશની માનસિક પ્રતિકૃતિ સાથે પ્રભુએ તુલના કરીને જ પરમાત્માએ પ્રકાશના સંબંધમાં સારો અભિપ્રાય વ્યક્ત કર્યો હશે એમ ફલિત થાય છે. પ્રકાશનાં દ્રવ્યની નિષ્પત્તિ પણ પ્રભુમાંથી જ થઇ હશે એમ માની શકાય. પ્રકાશની ઉત્પત્તિના સંબંધમાં આથી નીચેના ત્રણ મુદ્દાઓ વિચારવાના રહે છે.

(૧) પરમાત્મામાં પ્રકાશનાં માનસિક સ્વરૂપનો આવિર્ભાવ.

(૨) પ્રકાશની માનસિક પ્રતિકૃતિનો આવિષ્કાર થયા બાદ પ્રકાશનાં સર્જન માટે પરમાત્માની ઇચ્છા.

(૩) પ્રકાશનાં સર્જન માટે આવશ્યક દ્રવ્યનું પરમાત્માથી સ્વયમેવ પરિપૂરણ.

ઉપરના ત્રણ મુદ્દાઓના સંબંધમાં યથાયોગ્ય વિચાર કરતાં, સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રારંભ પરમાત્માના સંકલ્પથી થયો એમ નિષ્પન્ન થાય છે. વેદાન્તમાં પરમાત્માના આ સંકલ્પને 'માયા' કહે છે. સુફીમતવાદીઓ તેને 'કુવત–ઇ–ખયાલ' એ નામથી ઓળખે છે. ઇસાઇઓ પરમાત્માના સૃષ્ટિ–સર્જનના સંકલ્પને મહાન્ 'કલ્પનાશક્તિ' માને છે. આમ પરમાત્માના સંકલ્પનો ગમે તે અર્થ લઇએ પણ એ સંકલ્પ જ સૃષ્ટિ–ઉત્પત્તિનાં કારણભૂત એક જ મહાન્ શક્તિ છે એવી વેદાન્તીઓ વિગેરેની દૃઢ માન્યતા છે.

ચિત્ત કે સંકલ્પને આ પ્રમાણે કુદરતનાં ઉત્પાદક બળરૂપ ગણ્યાથી, શૂન્યમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ શક્ય છે એ મંતવ્યનું સમર્થન થાય છે. સૃષ્ટિની ઉત્પત્તિ આ રીતે સ્વપ્નની ઉત્પત્તિને અનુરૂપ થાય છે. જો ભૌતિક દ્રવ્યની ઉત્પત્તિ શૂન્યમાંથી શક્ય હોય તો તે શૂન્યમાંથી ઉત્પન્ન થયેલ સત્ય તત્ત્વથી સંપન્ન હોવું જોઇએ એ નિર્વિવાદ છે. ચિત્ત કે આત્મા ઉત્પત્તિથી પર હોઇને શૂન્યમાંથી ઉત્પન્ન થયેલ (ગણાતી) વસ્તુની સત્યતા આત્મા સાથે તુલનાની દૃષ્ટિએ કાલ્પનિક થઇ પડે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સાહિત્ય ચિત્રકળા પ્રદર્શન.

વડોદરામાં શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ પ્રસંગે આ પ્રકારનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. એ જોતાં મારા હૃદયપટ પર જે છાપ પડી છે તે આલેખવાનો મારો હેતુ છે. પ્રદર્શન ભરવાથી થતાં લાભ પરત્વે કે એ દ્વારા થતી કાર્યસિદ્ધિ માટે ભાગ્યે જ હવે લખવાપણું હોય !

જે પ્રજા અગર જે સમાજનું સાહિત્ય વિશાળ–સમૃદ્ધ અને કળાયુક્ત હોય છે એ પ્રજા કે સમાજ અવશ્ય સંસ્કારી અને ગૌરવશાળી હોય છે. **જૈન** પ્રજા પાસે આવા જ પ્રકારની ઉમદા:સાહિત્ય–સામગ્રી વારસામાં મળેલી છે. એ પ્રકારની દીર્ઘદર્શિતા અને સમયનો સદુપયોગ કરી ભાવીપ્રજાનું નિતાંત કલ્યાણ કરવાની ભાવનાથી પ્રેરાઇ, એ સર્જનમાં પોતાના જીવન વ્યતીત કરનારા પૂર્વે થઇ ગયેલા ત્યાગીઓ અને વિદ્વાનો પ્રત્યે જરૂર બહુમાન પેદા થાય છે. અફસોસજનક વાત હોય તો એટલી જ કે આવા અમૂલ્ય ગ્રંથ સંગ્રહ માટે વહીવટદારો તરફથી જે જાતની માલિકી રજુ કરાય છે અને એના ઉદ્ધાર કે પ્રચારમાં બેદરકારી ને અનઆવડત દૃષ્ટિગોચર થાય છે તે ઇષ્ટ નથી. આજે આ વિપુલ સામગ્રીને ભંડારરૂપી કારાગ્રહમાં કેદ ન કરી મૂકતાં જગતના વિશાળ ચોકમાં, જિજ્ઞાસુઓ છૂટથી લાભ મેળવી શકે તેવા પ્રબંધ સહિત પ્રકાશમાં આણવાની જરૂર છે. જો કે આ દિશામાં કેટલાક વર્ષોથી પ્રયાસો શરૂ થઇ ચુકયા છે અને કેટલીક સંસ્થાઓએ પ્રકાશન કાર્ય ઉપાડી પણ લીધું છે છતાં એનો વેગ ચાલુ યુગને અનુરૂપ નથી જ. જે પદ્ધત્તિએ આજે પ્રકાશન થવા જોઇએ તે પદ્ધત્તિ આપણે ત્યાં જવલ્લે જ દૃષ્ટિગોચર થાય છે. આમ છતાં દિવસાનુદિવસ જૈન સમાજની નજર એ તરફ ઊંડી ઉતરતી જાય છે એ આનંદદાયી છે. પ્રત્યેક ધાર્મિક પ્રસંગ કે મહોત્સવ સાથે આવી જાતના એકાદ પ્રદર્શનને જોડવું એ દેશકાળ જોતાં ઘણું આવકારદાયક છે. જે સમાજમાં આકંઠ અજ્ઞાનતા ભરી છે અને જેને જ્ઞાનસાગરમાં સમાયેલા અણમૂલા અમૃત ઝરણાનો ખ્યાલ આવ્યો નથી, એને સારૂ પ્રદર્શનો વારંવાર ગોઠવાય તો લાભદાયી જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદર્શન પ્રસંગે જે પ્રાસંગિક નિવેદન શ્રીયુત વાડીભાઈ તરફથી કરવામાં આવેલ એનો નિમ્ન ભાગ પ્રત્યેક જૈને અંતરમાં કોતરી રાખી, સમય સાંપડતા એ દિશામાં પગલાં ભરવાની જરૂર છે.

" માત્ર સુશોભિત પુસ્તકોનો દેખાડ કરવાથી ન તો પ્રેક્ષકોનું હિત થવાનું છે, ન તો પ્રદર્શનના યોજકોનો હેતુ સફળ થવાનો છે. એ ભરવાની પાછળની ભાવનાનો વિશિષ્ટ હેતુ એ જ છે કે અંધકારમાં રહેલા અને પોથીઓમાં વિંટાયેલા અનેક અમૂલ્ય ગ્રંથોને વિશ્વનો પ્રકાશ દેખાડવાની પ્રેરણા જૈન ભાઈઓમાં પેદા થાય, ધગશપૂર્વક તેઓ પોતાના આ અભિમાન લેવા લાયક વારસાનો યોગ્ય ઉપયોગ કરે. સંસ્કૃત–પ્રાકૃત કે અર્ધમાગધી જેવી વિદ્વદ્‌ભોગ્ય ભાષામાંથી એ ગ્રંથોને લોકભાષામાં ઉતારે અને જનતામાં તેનો સસ્તી કિંમતે પ્રચાર કરે; તેમ થવાથી માત્ર જૈનો જ નહિ, પણ ઇતર ધર્મના બંધુઓને લાભ થશે અને તેથી જૈનધર્મના ફેલાવામાં ઘણે અંશે મદદ થશે.

જૈન સાહિત્યનો ફેલાવો જેટલો બહોળો તેટલો જૈનધર્મનો પ્રચાર વિશેષ એ સૂત્ર લક્ષમાં રાખવા જેવું છે. આજે ઇસાઇઓ મામુલી કિંમતે ખ્રિસ્તી ધર્મના પુસ્તકો વેચે છે. એ પાછળ હજારો રૂપીઆ ખરચે છે. એ ધર્મે ભારતવર્ષમાં કેટલો પગપેસારો કર્યો છે તે નિરીક્ષણ કરતાં સહજ જણાઇ આવે છે. "

આ તો પ્રદર્શનથી થતાં લાભોની વાત કરી. એ દ્વારા આપણે કેવી સુંદર પ્રગતિ સાધી શકીયે તેનો એ પરથી સહજ ખ્યાલ આવી શકે અને શક્તિશાલી શ્રીમંતો અને ધીમંતો અવસર પ્રાપ્ત થતાં એ તરફનો પોતાનો ભાગ ભજવી શકે તે માટે આટલો અંગુલિનિર્દેશ કરી, પ્રદર્શનમાં સંગ્રહિત થએલી રસ–સામગ્રી પ્રતિ દૃષ્ટિ દોડાવીએ.

જ્ઞાનમંદિરના ઉપર–નીચેના બન્ને વિશાળ ઓરડામાં પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. સંખ્યાબંધ કબાટોમાં પુસ્તકો અને પ્રતો વ્યવસ્થિત રીતે જોનારને ખ્યાલ આવે તેવી રીતે ગોઠવેલાં નજરે આવતાં. લાંબી પટી જેવા તાડપત્રો પર સુંદર અક્ષરોમાં લખેલું લખાણ અને કેટલેક સ્થળે દોરવામાં આવેલ ચિત્રો જોતાં એ કાળે લેખનકળા અને ચિત્રકળા કેવી ખીલેલી હતી તેનો ખ્યાલ આવતો. તાડપત્રો પર લખાયેલી પ્રતોની સંખ્યા નાનીસૂની નહોતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી મહામહેનતે લખવામાં આવેલ એ પ્રતોની સાચવણુ પદ્ધત્તિ પણુ સુંદર પ્રકારની હતી. એમાં ભગવતી સૂત્રની પ્રત પણુ હતી. કાગળ પર લખાયેલી પ્રતોમાં શ્રી કલ્પસૂત્રોની ચિત્રોવાળી પ્રતો ઉપરાંત શ્રી આચારાંગથી માંડી વિપાકસૂત્ર સુધીના દરેક અંગની નજરે પડતી. એની ચારે બાજુની બોર્ડરોમાં જાતજાતના વેલ, બુટ્ટા, ઝાડ, પાન ઉપરાંત હાથી, ઘોડા, હરણુ આદિના ચિત્રો કળામય પીંછીથી અંકિત કરેલા હોવાથી મનોહરતામાં વધારો થયો હતો. સુવર્ણાક્ષરે લખાયેલી કલ્પસૂત્રની પ્રતો પણુ એક કાચના કબાટમાં દીપી રહી હતી. બંગાળ તરફ વપરાતા આપણા તાડપત્ર જેવા Peth leaves પર લખાયેલ બુદ્ધિસ્ટ ધર્મની પ્રત, તેમજ મોટા પણુ છતાં સુંદર અક્ષરે આલેખાયેલ બર્મીઝ લીપિવાળી પ્રત સૌકોઇનું ધ્યાન ખેંચે તેમ હતું. ભગવદ્ગીતાની એક પ્રતના અક્ષરો અતિ ઝીણા હતા. એમાં એકાણું ચિત્રો બારિકાઇથી દોરેલાં હતાં. આમ ચિત્રોમાં, અક્ષરોમાં અને આકૃતિઓમાં વિવિધતા હતી, જ્યારે કળામયતા ઉડીને આંખે વળગે તેમ હતી. રંગની પૂરવણીમાં પણુ યોગ્ય મિલાવટ જણાતી. એ બધા ઉપરથી પૂર્વપુરૂષોનો કળાપ્રેમ તેમજ પ્રજ્ઞતા દેખાઇ આવે છે.

નિવેદન મુજબ પ્રાપ્ત થયેલ સૌથી પ્રાચીનમાં પ્રાચીન ચિત્રો તાડપત્રના જૈન ધાર્મિક ગ્રંથોમાંથી જ મળી આવ્યા છે. તાડપત્રનો સમય ૧૧ મા સૈકાથી ૧૫ સુધીનો મૂકી શકાય. શ્રી આત્મારામજી જૈન જ્ઞાનમંદિરની ' શતપદી 'ની તાડપત્રની પ્રત તેરમા સૈકાની છે. અમદાવાદ ઉજમફોઇ ધર્મશાળાના ભંડારની તાડપત્ર પર લખાયેલ કલ્પસૂત્રની પ્રતમાં સં. ૯૨૭ છે; પણુ ચિત્રો જોતાં તે મીતિ નકલ કરનારે પહેલાની પ્રતની કાયમ રાખી જણાય છે.

શ્રીમદ્ હંસવિજયજીના સંગ્રહમાંની કલ્પસૂત્રની વિ. સં. ૧૫૨૨ માં સમાયલી સુવર્ણાક્ષરી પ્રતના સુશોભનો અદ્વિતીય પ્રકારના છે. એ ઉપરાંત કપડા પરના પ્રાચીન ચિત્રો જેવા કે ' શકુનાવલી ' પટ આદિ છે. પશ્ચિમ ભારતની ચિત્રકળાના નમૂના તરિકે બે પાટલીઓ વિ. સં. ૧૪૨૫ ની છે. ગુજરાતની પ્રાચીન લેખનકળાના નમૂનાઓ વયોવૃદ્ધ પ્રવર્તકજી મહારાજ શ્રીમદ્ કાંતિવિજયજીના પ્રશિષ્ય આજીવન સાહિત્યસેવી સાક્ષરવર્ય મુનિશ્રી પુણ્યવિજયજીના ' ભારતીય જૈન શ્રમણુ સંસ્કૃતિ અને લેખન ' નામા નિબંધમાં રજુ કરાયેલ તેની પણુ એક કોપી છે. શતાબ્દિ નિમિત્તે ગોઠવાયેલ આ પ્રદર્શન જરૂર દર્શનીય હતું.

ચોકસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ સકાર

અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ

[ ગતાંક ૮ માના પૃષ્ઠ ૨૦૯ થી ચાલુ ]

## પરોત્કર્ષસહિષ્ણુતા.

બીજાની ઉન્નતિ, શ્રી, શક્તિ વગેરે જોઈને ચિત્તમાં બળવાને બદલે પ્રસન્ન થવું તે પરોત્કર્ષસહિષ્ણુતા છે. આ સહિષ્ણુતા સ્વાર્થ તેમજ મમત્વના વિસ્તાર પ્રમાણે વ્યક્તિ, સમાજ, સંપ્રદાય, દેશ અને સમસ્ત પૃથ્વીમાં દયાથી વ્યાપ્ત થઇ રહી છે. બીજા માણસની, બીજા સમાજની, બીજા સંપ્રદાયની, બીજા દેશની ઉન્નતિ જોઇને પોતાની ઉન્નતિ માટે સાત્વિક ઉત્સાહ ઉત્પન્ન થવો એ ખરાબ નથી, પરંતુ એ તો જરૂર થવો જોઈએ. જીવનનું એ એક મુખ્ય ચિન્હ છે, પરંતુ એમ ન કરતાં ચિત્તમાં બળવું. બીજાની અવનતિ કે વિનાશની કામના કરવી અને એ માટે પ્રયત્ન કરવો એ તો જરૂર મહાન દોષ છે. અજ્ઞાનવશ ક્ષુદ્ર અહંકારની સીમામાં કેદ રહેવાનું કારણ જ એવું હોય છે. સંસારમાં વસ્તુતઃ પોતાનું, પારકું એવું કોઇ છે જ નહિ. આપણે તો માત્ર આ સંસારની નાટકભૂમિ ઉપર અભિનય કરનાર માત્ર છીએ. પોતપોતાનો પાઠ સાવધાનીપૂર્વક સુંદર રીતે પૂરો કરવો એ જ આપણું કર્તવ્ય છે. પોતાનું-પારકું માનીને દુઃખી સુખી થવું નહિ. એ પોતાનું-પારકાપણું નાટ્યભૂમિ ઉપર જ છે; વસ્તુતઃ આત્મામાં કંઇપણ એવું નથી. એ એક ભિન્ન ભિન્ન રૂપે લીલા કરી રહેલ છે. આપણે તો એ લીલા જોઇને આનંદમગ્ન થવું જોઇએ. રૂતુઓ અનુસાર જુદા જુદા વૃક્ષ ફૂલેફાલે છે. બારે માસ બધા વૃક્ષો સમાન રૂપે ફૂલેફાલે તો એ વિચિત્ર પુષ્પોદ્યાનનું સૌંદર્ય જ ચાલ્યું જાય. આજ એકની મોસમ હોય, તે ફૂલેફાલે તે જોઇને બીજો શા માટે બળે ? તેણે તો એવી આશાથી પ્રસન્ન થવું જોઇએ કે તેની માફક મારી મોસમ આવશે ત્યારે હું પણ ફુલીફાલીશ. એ સુખ સ્મૃતિને લઇને આજે ફુલ્યાફાલ્યા વૃક્ષ તરફ વધારે પ્રેમ થવો જોઇએ.

એક વેપારીની પેઢીની વીશ જગ્યાએ શાખાઓ છે. પેઢીનો માલીક જરૂર પ્રમાણે કયાંક રૂપિયા મોકલે છે અને કયાંકથી મગાવે છે. જે શાખા ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલીક હુંડી મોકલે તે શાખાનો મેનેજર શા માટે રોવા બેસે? તેનું કર્તવ્ય તો માલીકનું કામ સરસ રીતે બજાવવાનું છે. તેનું કર્તવ્ય તો એટલું જ છે કે પોતાનાં કોઈપણ કામમાં ત્રુટી ન આવે, તેમજ તે પોતાના માલીકની કોઇ પણ ચીજ ઉપર પોતાનું સ્વામિત્વ ન માને. ત્રુટી કરવી તે નિમકહરામી છે અને માલીકની ચીજ ઉપર પોતાનું સ્વામિત્વ માનવું એ બેઈમાની છે. હુશિયાર અને નિમકહલાલ મેનેજરની માફક પોતાના ભાગના કર્તવ્યનું પાલન કરવું એ જ કર્તવ્ય છે. માલીકના વિધાનથી નારાજ થઇને આપણે તેની બીજી ઉન્નત શાખાઓનો દ્વેષ ન કરવો જોઇએ. કોઇ પણ શાખાનો દ્વેષ કરવો તે માલીકનો દ્વેષ કરવા જેવું જ છે, કેમકે તે પણ માલીકની છે, તેનું નુકસાન તે માલીકનું જ નુકસાન છે અને તેનો લાભ એ માલીકનો જ લાભ છે, એટલા માટે ઇમાનદાર શ્રેષ્ઠ પુરૂષનું તો એ કર્તવ્ય છે કે–તે માલીકની પ્રત્યેક શાખા–દુકાનોની ઉન્નતિમાં જ પરમ આનંદ માને અને યથાશક્તિ તેની ઉન્નતિમાં ખરા દિલથી સહાય પણ કરે. પોતાની શાખાની પણ એ જ રીતે ઉન્નતિ ઇચ્છે, ઉત્સાહપૂર્વક નિર્દોષ પ્રયત્ન કરે, અને તેટલા ખાતર માલીકને કંઇ કહેવું પડે તો તેમાં અયોગ્ય નથી. એથી ઊલટું, માલીકની બીજી દુકાનોની ઉન્નતિ જોઇને બળ્યા કરવું અને તેનું અનિષ્ટ ઇચ્છવું એ તો માલીકનો દ્રોહ કરવા જેવું અને એનું જ અનિષ્ટ ઇચ્છવા જેવું છે. એજ પ્રમાણે આ વિશ્વની પ્રત્યેક વ્યક્તિ, પરિવાર, સમાજ, દેશ એક દુકાન છે. અને આપણે બધા એના સેવક છીએ. આપણું કર્તવ્ય અરસપરસ બધાની ઉન્નતિ ચાહવાનું અને પ્રત્યેકની ઉન્નતિથી પ્રસન્ન થવાનું છે. પ્રત્યેકની ઉન્નતિ એ આપણી જ ઉન્નતિ છે, કેમકે આપણે એક જ માલીકના સેવકો છીએ. જે એમ ઇચ્છે છે કે હું, મારો સમાજ, મારો સંપ્રદાય, મારી જાતિ, મારો દેશ ઉન્નત થાય અને બીજાની અવનતિ થાય તેની અધોગતિ થાય છે. અથવા જે બીજાની ઉન્નતિ જોઇને બળે છે અને એને પાડીને પોતાની ઉન્નતિ ઇચ્છે છે તે ખરી રીતે કદી પણ ઉન્નત અને સુખી થઇ શકતા નથી. એ તો માલીકનો કોપ વ્હોરીને દુઃખી જ થાય છે. એટલા માટે બધાની ઉન્નતિમાં જ પોતાની ઉન્નતિ માનવી જોઇએ અને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરવી જોઇએ કેઃ—

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૌ સુખી થાઓ, સૌ નિરોગી રહો, સૌ કલ્યાણનો સાક્ષાત્કાર કરો, દુઃખનો અંશ કોઈને પણ પ્રાપ્ત ન થાઓ.

## પરમતસહિષ્ણુતા.

આપણા મતથી વિરૂદ્ધ મતવાળા મનુષ્યો, સંપ્રદાયો કે જાતિઓની સાથે દ્વેષ ન રાખતાં સૌ તરફ પ્રેમ રાખવો તે પરમતસહિષ્ણુતા છે. સંસાર પ્રકૃતિનું કાર્ય છે, પ્રકૃતિ વિષમ થવાથી જગત્ ઉત્પન્ન થાય છે. એટલા માટે જગતમાં કોઇપણ માણસની આકૃતિ, સ્વભાવ, રૂચિ એક સરખા હોતા નથી. જેને આપણે સોળે સોળ આની એક સરખા જોતા હોઈએ તેમાં પણ કાંઇ ને કાંઈ અંતર જરૂર હોય છે. એજ સંસારનું સૌંદર્ય છે. પ્રકૃતિદ્વારા તે પોતાના જુદા જુદા રૂપોને વિકસાવીને જુદા જુદા ભાવોમાં ખેલી રહેલ છે. જે બધાને એક સરખા બનાવી દેવાને કે જોવાને વ્યર્થ પ્રયાસ કરે છે તેઓ ભૂલ કરે છે. બધા એક સરખા કદી થયા નથી અને થઇ શકે એમ પણ નથી. જુદા જુદા રૂપોમાં તેમજ જુદા જુદા ભાવોમાં જે તે નિત્ય, સર્વગત, અપરિવર્તનશીલ, અવિનાશી, અચલ એક કેવળ પરમાત્માને જુએ છે તે જ યથાર્થ જુએ છે. પ્રકૃતિની વિચિત્રતા કદી પણ મટી શકતી નથી તેમજ તે એક અનેક થઇ શકે તેમ નથી. જગતમાં રૂચિવૈચિત્ર્ય તો રહેવાનું જ. જો આપણને આપણી પોતાની રૂચિ જુદી રાખવાનો અધિકાર છે તો પછી બીજાને કેમ ન હોવો જોઇએ ? આપણે ઇચ્છીએ છીએ કે સૌ આપણાં મતનો સ્વીકાર કરે, એવી જ રીતે બીજા પણ એમ ઈચ્છી શકે છે. આપણે આપણા મતને સર્વોત્તમ તેમજ કલ્યાણકારી માનીએ છીએ એવી જ રીતે બીજા પણ માનતા હોય છે. આપણે આપણા ઈષ્ટના સ્વરૂપને સાચું માનીએ છીએ એવી રીતે બીજા પણ માનતા હોય છે તો પછી ઝગડા શા માટે ? ઝગડા એટલા માટે જ થાય છે કે આપણે બીજાના મતને, સિદ્ધાંતને, તેના ઈષ્ટને સહન નથી કરી શકતા. આપણે ઈચ્છીએ છીએ કે સૌ એક અવાજે આપણી વાત માની લે. એનાથી જ ઝગડા, મારામારી અને ખૂબ ખરાબી થાય છે; પરંતુ વિચાર કરવો જોઇએ કે જો આપણે એમ માનીએ કે અમે જિનભગવાનને માનીએ છીએ, તે ભગવાન જ અમારા છે, બીજાના નહિ તો આપણે અવિચ્છિન્ન-અસીમ ભગવાનને ઘણા જ મર્યાદિત બનાવી દઇએ છીએ. એટલા માટે આપણે એમ જ માનવું જોઇએ કે આપણા જ ભગવાનને બીજા લોકો જુદા જુદા નામો, રૂપો અને ભાવોથી પૂજે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્ય એક છે. એક જ ભગવાનને કોઇ શિવ કહે છે, કોઇ બ્રહ્મા કહે છે, કોઇ અરિહંત કહે છે, કોઈ ઇન્દ્ર કહે છે, કોઇ સૂર્ય કહે છે, કોઇ ગણેશ કહે છે, કોઇ બુદ્ધ કહે છે, કોઇ કર્મ કહે છે અને કોઇ અચળ નિયમ કહે છે. મતલબ એ છે કે બીજો કોઇ મહેશ્વર છે જ નહિ. રામનો ઉપાસક દેવીના ઉપાસકને જોઈને પ્રસન્ન થશે, શિવનો પૂજક કૃષ્ણના ઉપાસકને જોઈને ખુશી થશે, નિર્ગુણનો ઉપાસક સગુણની પૂજાથી આનંદ પામશે અને સગુણનો ઉપાસક અવ્યક્ત નિર્ગુણની ઉપાસનાથી નિરતિશય આનંદ પ્રાપ્ત કરશે. સૌની અંદર એ એક જોઇને તે પ્રાણારામ, હૃદયબન્ધુની માધુરી છબીને નીરખીને સૌ સર્વદા પ્રસન્ન થશે. ઇશ્વરનો ભક્ત સેવક હોવાથી સૌ આપણને પ્રિય છે, સૌ આપણા આત્મીય છે એ પ્રકારના સત્ય શુદ્ધ વિચારોવડે બીજાના મત સહન કરવા જોઇએ.

એક બીજી વાત. આપણે એમ પણ ન કહી શકીએ કે અમારો મત વ્યાજબી છે અને બીજાનો મત ગેરવ્યાજબી છે, પરંતુ એટલું તો જરૂર યોગ્ય જ છે કે આપણે જે વસ્તુમાં સાચા હૃદયથી લાભ સમજીએ છીએ, આપણા નિભ્રાંત અનુભવમાં જે વસ્તુ–સિદ્ધાંત સૌને લાભકારક જણાય છે તેનો આપણે બીજામાં પ્રચાર કરીએ–તેનો લાભ બીજાને પ્રેમપૂર્વક સમજાવીએ એમ કરવું એ કર્તવ્ય જ છે, પરંતુ તેમાં જબરદસ્તી ન હોવી જોઇએ. આપણા મતના પ્રચારની સુંદર રીત તો એ છે કે આપણે બીજાના મતનો આદર કરીએ, બીજાના મતને સન્માનપૂર્વક સાંભળીએ અને તેમાં જે જે બાબતો સારી લાગે તેની પ્રશંસા કરીએ, તેને સાચા હૃદયથી સત્કારીએ. ( અહિં યાદ રાખવાની જરૂર છે કે સર્વમાં સારૂં નરસું બન્ને હોય જ છે. જગતમાં કોઈપણ સર્વથા દોષપૂર્ણ નથી તેમજ કોઇપણ સર્વથા નિર્દોષ નથી. ) ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ ગ્રહણ પણ કરવી જોઇએ. આ રીતે કરવાથી બીજા મતવાળાના મનમાં આપણા પ્રત્યે એવો વિશ્વાસ ઉદ્દભવશે કે આ દ્વષી નથી, પક્ષપાતી નથી, સત્યનો પૂજારી છે, સત્યનો સેવક છે. બેશક, તેના મનમાં વિશ્વાસ પેદા કરીને તેને પોતાના મતતાં લાવવાની ભાવનાથી માત્ર બાહ્યરૂપે તેના મતની સારી વાતોનો આદરસત્કાર કે પ્રશંસા નહિ કરવી જોઇએ; જે કાંઇ કરવું તે સાચા હૃદયથી જ. કપટ હશે તો તે આગળ ઉપર ઉઘાડું પડી જશે. અસ્તુ. સદ્દવ્યવહારથી જો આપણી અને એની વચ્ચે મતભેદ રહેવા છતાં પણ કદાચ મૈત્રી થઇ જશે તો તે આપણી વાતો પણ સાંભળશે. તે વખતે યથાવસર નમ્રતા, વિનય અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગામડું અને શહેર.

આજે ગામડા ભાંગીને શહેરો વધી રહ્યા છે. શહેરની કૃત્રિમ રહેણી-કરણી લોકોને આકર્ષી રહી છે, તે સમયે ગામડા અને શહેરનો મુકાબલો કરવો તે અસ્થાને નથી બલ્કે જરૂરી છે, એમ માનીને તે વિષે યથામતિ પૃથક્કરણ કરેલ છે. સુજ્ઞ પાઠકો તેમાંથી સારને ગ્રહણ કરે એવી આશા છે.

---

પ્રેમપૂર્વક યુક્તિપૂર્ણ શબ્દોમાં તેના મતનું ખંડન કરવાના આશયથી નહિ પણ આપણા મતના પ્રતિપાદનાર્થે આપણા નિશ્ચિત અનુભવયુક્ત મતની મહત્તા, તેનો મર્મ તેની સામે રાખવો, પણ એવા આગ્રહથી નહિ કે તે આપણો મત સ્વીકારી જ લે. સત્યનું સ્વરૂપ માત્ર તેની સામે મૂકી દેવું. એટલે પછી સત્ય સિદ્ધાન્તનો સ્વીકાર તો સૌ કોઇને માટે સહજ છે. સત્ય સિદ્ધાંતનો સ્વીકાર ન કરવામાં બે મુખ્ય વાંધાઓ છે, એક દૃષ્ટિભેદ અને બીજો દુરાગ્રહ. દૃષ્ટિભેદ દૂર કરવા માટે સિદ્ધાંતનું યુક્તિપૂર્ણ પ્રતિપાદન કરવું જોઇએ. પરંતુ એ પ્રતિ-પાદન ત્યારે જ સફળ થશે કે જ્યારે આપણા સત્ય અને પ્રેમપૂર્ણ વ્યવહારથી, આપણા મિત્રતાપૂર્ણ સદાચારથી આપણે તેના મનમાં મજબૂત સ્થાન કરી લીધું હશે. બે હાથવડે જ તાળી પડે છે, એક હાથવડે નહિ. એની વાત આવશ્યકતા પ્રમાણે માનવાનું મન પહેલા આપણું બની જશે ત્યારે જ આપણે આપણી વાત તેને સંભળાવી શકવાના. વિરૂદ્ધ મતવાળાને જોઇને જ્યાં ઘૃણા કે દ્વષ જાગી ઊઠે છે, તિરસ્કારની તીવ્ર ભાવના પેદા થાય છે, ચ્હેરામાં અને આંખોમાં દ્વેષનો વિકાર પ્રકટ થાય છે ત્યાં તો લડાઇ જ થાય છે.

આપણે આપણા મતનો આદર ચાહતા હોઇએ તો આપણે પહેલાં બીજાના મતનો આદર કરવો જોઈએ. વાસ્તવિક રીતે સઘળા મત અધિકારભેદને લઈને જરૂરના છે. નાસ્તિકતા પણ પ્રાયે કરીને કુદરતના સંકેતથીજ ફેલાય છે અને તે પણ સત્યની સાથે ભળી ગયેલ અસત્યને શોધી કાઢે છે અને એ રીતે 'સત્ય' ને વધારે પવિત્ર રૂપે–ઉજ્વળ રૂપે પ્રકટ કરવામાં સહાય કરે છે, તેથી આપણા દુરાગ્રહ રહિત સત્ય સિદ્ધાંતને મજબૂતપણે વળગી રહીને પણ બીજાના સિદ્ધાંતનો આદર કરવો જોઇએ. અને તેને પણ લીલામય બહુ-રૂપી પ્રાણારામનો એક સ્વાંગ માનીને આનંદ માનવો જોઇએ. —ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હવા—**

જીવનમાં સૌથી પ્રથમ નંબરે જરૂરની જો કોઇ પણ વસ્તુ હોય તો તે હવા છે. અનાજ કે પાણી વિના તો કેટલાક દિવસો પણ નીકળી શકે છે, પરંતુ હવા વિના તો એક ક્ષણ પણ ચાલતું નથી એ સૌના અનુભવની વાત છે. એટલે સૌથી પ્રથમ હવા વિષે વિચારીએ.

એ તો દેખીતી જ વાત છે કે–નિત્યના જીવન વ્યવસાયમાં કોઈ પણ ઉપયોગી વસ્તુ જેટલે અંશે વધુ શુદ્ધ મળી શકે તે તેટલે અંશે જીવનોન્નતિમાં વસ્તુ મહત્વનું સ્થાન પામે છે. હવાને માટે પણ તેમજ છે. પ્રત્યેક મનુષ્યને હવા જો શુદ્ધ મળી શકતી હોય તો તેટલે અંશે તે વ્યક્તિનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સરસ જળવાઈ રહે છે. એટલે શુદ્ધ હવાની પ્રાપ્તિ માટે જેટલો પ્રયાસ કરીએ તેટલો અલ્પ જ છે.

ગામડામાં રહેવાના ઘરો છૂટા છૂટા હોય છે. તેમજ બે, ત્રણ કે તેથી વધારે માળ બાંધેલા હોતા નથી. એટલે હવા છૂટથી બધે સ્થાને જઇ શકે છે. વળી ગામડામાં ગટર તેમજ સંડાસો નથી હોતા એટલે તેથી પણ હવાની શુદ્ધિ જળવાઈ રહે છે જ્યારે તેથી પ્રતિપક્ષે શહેરની હવા ગામડા જેવી શુદ્ધ હોતી નથી; કેમકે ઉંચા ઉંચા ૩–૪ કે તેથી વિશેષ માળ બાંધેલ હોવાથી હવા આવતી અટકી જાય છે. વળી મનુષ્યોનો વસવાટ પણ અતિ નિકટ નિકટમાં રહેતો હોવાથી તેમજ શહેરોમાં કેટલેક ઠેકાણે ખુલ્લી ગટરો પણ હોવાના કારણથી પણ હવા બગડે છે. સંડાસો તો ઘરની લગોલગ–તદ્દન નજીક હોવાથી પણ હવાનું પ્રમાણ બગડે અર્થાત્ આવા અનેક કારણોથી શહેરી જનોને જોઇએ તેવી શુદ્ધ હવા મળી શકતી નથી. અને જ્યાં હવા શુદ્ધ ન મળે ત્યાં રોગાદિકનું પ્રમાણ વધુ હોય તેમાં આશ્ચર્ય જેવું શું છે?

ભાષામાં એક કહેવત છે કે **"સો દવા અને એક હવા"** શુદ્ધ હવાનું કેટલું અસીમ મહાત્મ્ય છે એ આ એક નાનકડી કહેવત ઉપરથી જાણી શકાય છે. ભાવાર્થ કે તબીયતની સુધારણાને અર્થે સો પ્રકારની દવા લ્યો અને તે જેટલું કામ કરે તેના જેટલું બલ્કે તેથી પણ વિશેષ એક જ વખત લેવાયેલ શુદ્ધ હવા કામ કરે છે. આ કહેવતમાં કોઇ લેશ પણ અતિશયોક્તિ ન જ માને, કેમકે એ તો આપણે પ્રત્યક્ષ જોઈ–અનુભવી શકીએ છીએ કે જે કામ દવાઓ નથી કરી શકતી તે કામ શુદ્ધ હવાથી બની શકે છે. શારીરિક, માનસિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીરવિહાર—મીમાંસા

[ ગતાંક પૃષ્ઠ ૨૨૬ થી શરૂ ]

અત્રે એક બીજી ખાસ વાત વિચારવા જેવી છે. જો અસ્થિક ગામને વઢવાણુ, છમ્માણિને સાની, નંદીપુરને નાંદીયાં, લાઢને ગુજરાતનો લાટ, કનકખલ આશ્રમને કનખલ તીર્થ વિગેરે માની લઈએ તો, પ્રભુનું પાંચમું ચાતુર્માસ **ભદ્દીયા**માં થયું તે પહેલાં, પ્રભુ ગુજરાત–કાઠિઆવાડ અને મારવાડમાં ત્રણ વાર પધાર્યા હતા અને બારમા ચાતુર્માસ બાદ, તેમને કીલોપસર્ગ પણ મારવાડમાં થયો હતો એમ માનવું પડે. આવી માન્યતાઓ કેટલી બધી અસંગત થઇ પડી એ સહજ સમજી શકાય તેમ છે.

ચંપાપુરીમાં બારમું ચાતુર્માસ કર્યા બાદ, પ્રભુ **જંભીયગામ** અને **મેંઢીયગામ** ગયા પછી, તેમને છમ્માણિમાં કીલોપસર્ગ થયો હતો. તે પછી પ્રભુ મધ્યમ અપાપાનગરી પધાર્યા હતા જ્યાં તેમના કાનમાંના ખીલા વૈદ્યે

---

અને આત્મિક એમ દરેક પ્રકારની તંદુરસ્તી મેળવવા અને તેને જાળવવા અને ધાર્મિક જીવન વિતાવવા માટે જીવનમાં સૌથી પ્રથમ નંબરે શુદ્ધ હવાની પૂર્ણ આવશ્યકતા છે એમ સ્વીકારવું જ જોઇએ.

આવી શુદ્ધ હવા ગામડામાં મળી શકે છે, પરંતુ ઘણે સ્થાને ગ્રામ્યજનો અજ્ઞાનવશ ઠંડી આદિના બચાવને અર્થે ઘરના તમામ બારી બારણાઓ બંધ કરી રાત્રે સૂતા હોય છે. આથી શુદ્ધ હવાને આવવાનો અવકાશ રહેતો નથી. ગમે તેવી ઋતુમાં હવા તો શુદ્ધ મળી શકે તેવા દરેક પ્રયત્નો મનુષ્યે કરવા જ જોઇએ.

શહેરોમાં હવા બગડવાનું બીજું પણ એક કારણ છે. મોટા શહેરમાં મીલના ભુંગળાઓ સતત ધુમાડાને ઓકતા હોય છે, જ્યારે ગામડામાં તેવું વાતાવરણ નથી હોતું. એકંદરે મોટા શહેરો કરતાં ગ્રામ્યજનોને હવાની શુદ્ધિ સ્હેજે મળી રહે છે. ( અપૂર્ણ )

રાજપાળ મગનલાલ વહોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઢી નાખ્યા હતા. ત્યારબાદ પ્રભુ ઋજુવાલુકા નદીએ પધાર્યા હતા. તે પછી પ્રભુ જંભીયગામ ગયા હતા જ્યાં સીમામાં આવેલી ઉજ્જુ ( અજયા ) નદી ઉપર, તેમને વૈશાક શુદ ૧૦ ને દિવસે કેવળજ્ઞાન થયું હતું. પ્રભુ ત્યાંથી બાર યોજન ચાલીને પાછા અપાપાપુરી પધાર્યા હતા. પ્રભુને કીલોપસર્ગ આબુ ઉપર સાનીમાં થયો હતો એમ માનવું એ કેટલું બધું યુક્તિરહિત છે એ આ ઉપરથી સમજી શકાશે. આ સર્વ સ્થળો વચ્ચે એકંદર અંતર કેટલું બધું થાય ? સાની પાસે અપાપાપુરી અને ઋજુવાલુકા નદી છે એમ કોઈ બતાવી શકશે ?

પ્રભુએ આબુ, મારવાડ આદિમાં વિહાર કર્યો હતો એમ જણાવવાને કંઈપણુ સંબંધ વિનાની કલ્પનાઓ કરવાથી, પ્રભુનાં વિહારનાં ખરાં સ્થળોને બદલે, બીજાં સ્થળો કલ્પનામાંથી ઊભાં થવાં છે એ કેટલું બધું વિચિત્ર છે ? આવી રીતે કલ્પના કરનારાઓએ કલ્પનાની સીમાનું પણુ ઉલ્લંઘન કર્યું છે. કલ્પનાની પણુ હદ હોવી જોઇએ એ પણુ તેઓ સમજ્યા હોય એમ દેખીતી રીતે નથી લાગતું. ચંપાથી સાની સુધીનાં અંતરનો વિચાર કરતાં પણુ પ્રભુ આબુ ગયા હતા એ સંભવિત જણાતું નથી. પ્રભુ એક રાત્રીમાં ઉજ્જુ નદીથી ૪૮ ગાઉ પાવા ગયા હતા એ ઉપરથી, તેઓ ગમે તેટલું અંતર ચાલે એમ ન માની શકાય. તેમનું પણુ ઔદારિક શરીર હતું. વળી તેમને એટલું બધું ચાલવાનું કારણુ પણુ ન હતું.

પ્રભુને થયેલ ઉપર્યુક્ત ઉપસર્ગોનાં સ્થાનોમાં ફેરફાર થાય તો, **દુઇજ્જંત** તાપસાશ્રમ, **મોરાક**, ઉત્તર **ચાવાલ**, દક્ષિણુ **ચાવાલ** આદિનાં સ્થાનોમાં પણુ ફેરફાર કરવો પડે; પણુ આ સ્થળોનાં સ્થાનો શાસ્ત્રાદિથી વિચાર કરતાં, પૂર્વદેશમાં જ હોવાનું જણાય છે. આથી આ દૃષ્ટિએ વિચાર કરતાં, ભગવાનને આબુ પ્રદેશ અને વઢવાણુમાં ઉપસર્ગ થયાની માન્યતા આધાર રહિત ઠરે છે.

મુંડસ્થળનાં મંદિર સંબંધી, બીજી બે ત્રણુ બાબતો પણુ વિચારવાની રહે છે. મજકુર મંદિરની પ્રતિષ્ઠા કેશી ગણુધરે કરી હતી એમ કહીને, કેટલાક તેની પ્રાચીનતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. કોઇ મુંડસ્થળના મંદિરની પ્રતિમા શ્રી વીરપ્રભુની છદ્મસ્થાવસ્થામાં તેમની ૩૭ વર્ષની વયે નિર્મિત થઈ હતી એમ કહે છે અને એ સંબંધમાં, વિ૦ સં૦ ૧૪૨૬ ના એક લેખનો આધાર ટાંકે છે. કેશી ગણુધરે મંદિરની પ્રતિષ્ઠા કરી હતી એમ લેખ ઉપરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ થઈ શકતું નથી. વળી લેખ તો મજકુર મંદિરના જીર્ણોદ્ધાર સંબંધી છે. શ્રી જિનવિજયજીએ સંપાદિત પ્રાચીન જૈન લેખ-સંગ્રહ ભાગ બીજાનાં પૃ. ૧૫૮-૫૯ માં મંદિરનો જીર્ણોદ્ધાર થયાનું જ લખ્યું છે. જે બીજો લેખ છે તે પ્રાચીન લિપિમાં નથી. એ પ્રાચીન લિપિના લેખ ઉપરથી, ઉતારેલો હોય એમ પણ જણાતું નથી. આથી પ્રતિમા શ્રી વીરપ્રભુની વિદ્યમાનતામાં બની હતી એમ પૂરવાર થઇ શકતું નથી. મંદિરની પ્રાચીનતા-સૂચક લિપિમાં લખાયો હોય તો જ સિદ્ધ થઇ શકે. લેખ પ્રાચીન લિપિમાં ન હોય તો મંદિરની પ્રાચીનતા સૂચવવા માટે લેખ ઘડી કાઢવામાં આવ્યો છે એમ માનીએ તો શું ખોટું ? પ્રાચીનતાસૂચક સબળ પ્રમાણ વિના, મંદિરની પ્રાચીનતા માની લેવી એ યથાર્થ નથી.

વીરપ્રભુ અબુદભૂમિમાં વિચર્યા હતા એમ બીજા લેખથી નિષ્પન્ન થતું નથી. એ લેખથી, પ્રભુ અર્બુદાચલ પધાર્યા હતા એવી સ્હેજ પણ પ્રતીતિ ઐતિહાસિક વિદ્વાનોને થાય તેમ નથી. લેખમાં કોઇપણ પ્રકારનું પ્રાચીનતા-વિશદ સૂચન જ નથી. આથી આજના આગળ વધેલા જમાનામાં, ઇતિહાસ-વિદ્વોને લેખથી બીલકુલ સંતોષ ન થાય એ દેખીતું છે; એટલે કોઇ લેખ ઉપરથી, ગમે તેવી કલ્પના કરે, લેખના સંબંધમાં ગમે તેવાં થીગડાંઓ મારે એ માનવાને આજના વિદ્વાનો અને ઇતર લોકો તૈયાર ન થાય એ નિર્વિવાદ છે. આ પ્રમાણે, કોઇ લેખ ઉપરથી કલ્પનાના ઘોડા દોડાવ્યા કરીએ તો, તે ઊલટું અહિતકર થઈ પડે. લોકો સ્વાર્થવશાત નવા લેખો બનાવીને, હાલ પણ મૂર્ત્તિઓ વેચે છે એ સર્વત્ર જાણીતું છે. એ મૂર્ત્તિઓને જેમ પ્રાચીન ન માની શકાય તેમ મુંડસ્થળની પ્રતિમાને પણ પ્રાચીન કેમ માની શકાય ?

જે તે લેખ વગર વિચાર્યે માની લેવો એ અયુક્ત છે. આ સંબંધમાં આપણે એક વિશેષ દૃષ્ટાન્ત લઇએ. સ્વ. ગુરૂદેવ **શ્રીવિજયધર્મસૂરિજીએ** સંશોધિત ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ બીજાનાં પૃષ્ઠ ૫૭ માં સં. ૧૫૯૭ નો એક શિલાલેખ પ્રગટ થયો છે. એ શિલાલેખમાં, એક મંદિર વલ્લભી-પુરથી નાડલાઈ ઉપાડી લઇ જવામાં આવ્યું હતું એમ કહ્યું છે. આ લેખ-માંની આ હકીકત તે એક લેખ હોવાને કારણે શું માની લેવી ?

મુંડસ્થળનાં મંદિર સંબંધી, સંવત્ તેરસોના અરસામાં થયેલ અચલ-ગચ્છીય શ્રી મહેન્દ્રસિંહસૂરિજીની 'અષ્ટોત્તરી તીર્થમાલા' નો કેટલોક હવાલો આપે છે અને પ્રભુ મુંડસ્થલ પધાર્યા હતા એમ માને છે; પણ સૂરિજીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંબંધમાં કોઇ સબળ પ્રમાણ આપ્યું નથી. આથી તેમના અગાઉ ૧૮૦૦ વરસ ઉપર, તેઓ કહે છે તે પ્રમાણે, **મુંડસ્થળમાં** વીરપ્રભુનું આગમન થયું હતું એમ કેમ માની શકાય ? સૂરિજીનું મંતવ્ય કિંવદન્તિનો જ પ્રતાપ છે એમ કહીએ તો ચાલે.

સૂરિજીએ '**અષ્ટોત્તરી તીર્થમાળા**'માં પુણ્યરાજ નામે મહાત્માએ મંદિર બંધાવ્યાનું કહ્યું છે ( જુઓ પૃ. ૨૭૩ ). મંદિરના સંવત ૧૪૨૬ ની સાલના એક જુદા સંસ્કૃત લેખમાં, મહાત્માને બદલે ' રાજા ' શબ્દ વપરાયો છે. એમાં કેશી ગણધરે મંદિરની પ્રતિષ્ઠા કરી હતી એમ પણ ઉમેરવામાં આવ્યું છે. લેખને લગતી કેટલીક હકીકતો જોતાં, તેમજ તેમાં ઉપર્યુક્ત તીર્થમાલાની અપેક્ષાએ, જનતાને આકર્ષક જે સુધારા વધારા થયા છે તે મંદિરની અર્વાચીનતા જ સૂચવે છે. લેખની નીચેના ભાગમાં, એક બાજુ જે શબ્દો છે તેનો કંઇ અર્થ જ નથી. કોણે શું બંધાવ્યું કે કરાવ્યું એ તે ઉપરથી, નીકળી શકતું નથી. કોઇ દંપતીએ મંદિર બંધાવ્યું છે એવી માન્યતા પણ, યોગ્ય પ્રમાણોને અભાવે કલ્પના માત્ર છે. પ્રમાણભૂત પ્રમાણો વિના, મુંડસ્થળનું મંદિર જીવિતસ્વામીનું મંદિર છે એમ ઘણા કહે છે પણ તે કેટલું બધું આશ્ચર્યકારી છે એ સૌ કોઇ આથી સમજી શકશે.

લાઢ દેશને ગુજરાતનો એક ભાગ માનનારાઓ શ્રીવીરપ્રભુ ચોથા અને પાંચમા ચાતુર્માસ વચ્ચે **શિરોહી ( મરૂભૂમિ )** આદિમાં આવ્યા હતા એમ કહે છે. લાઢને ગુજરાતનો એક ભાગ માને છે એ યુક્ત નથી. લાઢ દેશ બંગાળમાં આવેલો હતો. આથી એ ગુજરાતનો એક ભાગ હોવાની માન્યતા જ ખોટી છે. પ્રભુએ ચોથું ચોમાસું **પૃષ્ઠચંપામાં** કર્યું હતું. તેમનું પાંચમું ચાતુર્માસ **ભદ્દીયામાં** થયું હતું. જો વીરપ્રભુ લાટ દેશ અને મરૂભૂમિમાં આવ્યા હોય તો, પ્રભુને, **પૃષ્ઠચંપાથી સાવત્થી** સુધીનું અંતર ન ગણીએ તો પણ, **સાવત્થી**થી **શિરોહી** અને **શિરોહીથી ભદ્દીયા** સુધી એમ આશરે અઢી હજાર માઇલનો વિહાર કરવો પડયાનું માનવું પડે. સાવત્થીથી શિરોહી અને શિરોહીથી ભદ્દીયા સુધીનાં સીધાં અંતરો જ અનુક્રમે ૬૦૦ માઇલ અને ૯૦૦ માઇલ થાય છે. પ્રભુએ બે અઢી હજાર માઇલ જેટલો વિહાર કર્યો હોય એમ કેમ માની શકાય ? રેકર્ડરૂપ વિહાર તો કવચિત્ જ થઇ શકે છે.

લાઢ દેશ સાડાપચ્ચીસ આર્યદેશોમાંનો એક દેશ હતો એમ જૈન શાસ્ત્રો સ્પષ્ટપણે માને છે. વીરપ્રભુની છદ્મસ્થાવસ્થામાં ને અનાર્ય તરીકે ગણાતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાટ ( લાડ ) દેશ મુંબઈ ઇલાકામાં ગુજરાતમાં છે. લાઢની રાજધાની **કોટિવર્ષ** હતું.* કોટિવર્ષને હાલમાં બાણગઢ કહે છે અને તે બંગાળમાં દીનાજપુર જીલ્લામાં આવેલ છે. ગુજરાતના લાટ દેશની રાજધાની ઇલાપુર+ હતું. ભરૂચ પણ એ દેશની રાજધાની કેટલોક સમય હતું.

લાટનાં પાટનગરો ઉપરાંત, લાટના સંબંધમાં નિમ્ન પ્રમાણ ખાસ જાણવા જેવું છે:—

From the legend, we have seen that, Vijaya and his followers form Lala remained for some time, in Supparaka and Bharukaccha. Some of his followers must have remained there as setteers. It is possible that, it was they who gave the name their old country ( Ladha ) to this region, which later on came

* दूसरी शाखा 'कोडीवरीसिया' की उत्पत्ति कोटिवर्ष नगर से थी। यह नगर भी राढ देश ( आजकल के मुर्शिदाबाद जिला–पश्चिमी बंगाल ) की राजधानी थी।

**वीर निर्वाण संवत्** और **जैन काल–गणना** ( श्रीकल्याणविजयजीकृत ) पृ. ७५–७६ નોટ.

Kotivarsa Visaya, a sub-division of Pundravardhanabhukti ( E. I. XV. 3. )

The Indian Historical Quarterly, Vol. IX, No. 3. P. 729.

( કોટિવર્ષ પુંડ્રવર્દ્ધન-ભુક્તિનો વિભાગ હતો. )

The word Pundravardhana is used both for the city ( Pundravardhanapur or Pundravardhananagar ) as well as the Province ( Pundravardhana-bhukti. )

The Indian Historical Quarterly ( September, 1933, ) P. 728.

( પુંડ્રવર્દ્ધન ) શબ્દ પુંડ્રવર્દ્ધનપુર કે પુંડ્રવર્દ્ધનનગર તેમજ પુંડ્રવર્દ્ધનભુક્તિ પ્રાન્ત બન્ને માટે વપરાય છે. )

કોટિવર્ષ લાઢની રાજધાની હતું. એ ઉપરાંત, તે લાઢના એક ભાગ પુંડ્રવર્દ્ધન–ભુક્તિનો એક વિભાગ હતો એમ ઉપર્યુક્ત પ્રમાણોથી સિદ્ધ થાય છે.

+ The capital of Lata or the kingdom of Latesvara is said to be Elapur.

De's Geographical Dictionary of Ancient and Mediaval India, 2nd edition ( 1927, ) P. 114.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



to bear the name of Lata, perhaps a later corruption of Lala.

Indian Historical Quarterly,
( September, 1933. ) P. 745.

( વિજય અને તેના લાલ દેશના અનુયાયીઓ થોડો વખત સોપારક-નગર અને ભરૂકચ્છ ( ભરૂચ )માં રહ્યા હતા એમ કથા ઉપરથી, આપણે જોયું છે. વિજયના કેટલાક અનુયાયીઓ ત્યાં કાયમનો વાસ કરીને રહ્યા હોવા જોઈએ. તેમણે આ પ્રદેશને પોતાના અસલ દેશ લાઢનું નામ આપ્યું હોય એ બનવાજોગ છે. તેમણે આપેલું નામ કદાચ લાલના પાછળથી થયેલા અપભ્રંશરૂપે લાટ બન્યું હોય એમ પણ બનવાજોગ છે. )

લાઢ અને લાટ એ બન્ને દેશોની ભિન્નતા ઉપર્યુક્ત પ્રમાણથી જાણી શકાશે.

લાઢ ( રાઢ ) દેશ શ્રીવીરપ્રભુની છદ્મસ્થાવસ્થામાં અનાર્ય દેશ તરીકે ગણાતો હતો. એનો સજ્જડ પૂરાવો **આચારાંગ સૂત્ર** ( પહેલો શ્રુતસ્કંધ, નવમું અધ્યયન, ત્રીજો ઉદ્દેશ ) વિગેરે ઉપરથી મળી રહે છે. તેના વજ્રભૂમિ અને શુભ્રભૂમિ ( સુમ્હ ) એમ બે ભાગો હતા. વિદ્વાનો પણ એ બે ભાગો માને છે. લાઢ દેશના ઉત્તર લાઢ અને દક્ષિણ લાઢ એમ બે ભાગો હતા અને તે અજયા ( ઉજ્જુ ) નદીથી જુદા પાડતા હતા એમ પણ ઘણા વિદ્વાનો માને છે.*

વીર પ્રભુ ચોથાં અને પાંચમાં ચાતુર્માસ વચ્ચે લાઢ દેશમાં પધાર્યા ન હતા, લાટમાં પણ નહીં. પ્રભુની છદ્મસ્થાવસ્થાના બાર ચાતુર્માસની દૃષ્ટિએ પણ આ પ્રશ્ન વિચારણીય છે. પ્રભુએ અસ્થિક ( વર્દ્ધમાન ), નાલંદા, ચંપા-પુરી, પૃષ્ટચંપા, ભદ્દીયા, ભદ્દીયા, આલભિકા, રાજગૃહ, લાઢ, શ્રાવસ્તી, વિશા-લાનગરી અને ચંપાપુરી એમ છદ્મસ્થાસ્થામાં ૧૨ ચાતુર્માસ કર્યાં હતા. આમાં

( લાટ દેશ કે લાટેશ્વરનાં રાજ્યનું પાટનગર ઇલાપુર હતું એમ કહે છે. )
લાટ દેશનું પાટનગર ભૃગુકચ્છ–ભરૂચ કહેવાતું.

**પ્રસ્થાન**. ( સં. ૧૯૯૨ માગશરનો અંક. ) પૃ. ૧૬૦.

*Uttara Radha and Daksina Radha were divided from each other, by the river Ajaya.

Ancient Indian Tribes Vol. II ( 1934 ), P. 9

( ઉત્તર રાઢ અને દક્ષિણ રાઢ અજયા નદીથી એક બીજાથી જૂદા પડતા હતા ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાઢનું ચાતુર્માસ (જે કર્મ–નિર્જરાર્થે થયું હતું) એ જ અનાર્યદેશનું ચાતુર્માસ હતું. એ દેશમાં પ્રભુને, હાડકાંના ખપ્પરનો માર, તેમનાં શરીર ઉપર કૂતરા વિગેરે ફેંકવા, માંસછેદન, ઉંચા કરીને નીચે અફાળવા વિગેરે વિવિધ પ્રકારનાં અકલ્પનીય દુઃખો સહન કરવાં પડ્યાં હતાં. લોકોની ધર્મ-વિરોધી વૃત્તિનો તેમને ભયંકર અનુભવ થયો હતો. લાઢના લોકો એટલા બધા અનાર્ય અને નિર્ઘૃણ હતા કે, ત્યાં મંદિરો, પ્રતિષ્ઠા આદિનો સંભવ જ ન હતો. વળી તેમને બીજા પ્રદેશો માફક દુઃખ કે ઉપસર્ગમાંથી રક્ષણ કરનારૂં પણ ત્યાં કોઈ ન હતું. વળી ભગવાન લાઢ દેશમાં ચોથાં અને પાંચમાં ચાતુર્માસ વચ્ચે ગયા હતા એમ માનીએ તો, અસ્થિક ગામ જ્યાં તેમનું પ્રથમ ચાતુર્માસ થયું હતું તે અનાર્યદેશમાં હતું, એમ માનવું જ પડે. આથી ભગવાને છદ્મસ્થાવસ્થાનાં બાર ચાતુર્માસોમાં બે ચાતુર્માસ અનાર્યદેશોમાં કર્યાં હતાં એમ નિષ્પન્ન થાય; પણ એમ કોઈ માને છે ?

ભગવાન ચોથા અને પાંચમાં ચાતુર્માસ વચ્ચે લાઢદેશમાં પધાર્યા હતા એમ માનીને, લેખકો વિગેરેએ કેવાં અસંગત વિધાનો કર્યાં છે તે આ ઉપરથી સમજી શકાશે.

નાંદીયાની ભારતવર્ષના પાંચ મહાતીર્થોમાં ગણના કરીને કે સંપ્રતિરાજા ગિરિરાજ શ્રી સિદ્ધાચળ, ગિરનાર, નાંદીયા વિગેરેની પ્રતિવર્ષ સંઘ સાથે ૪ વાર યાત્રા કરતા હતા એમ કહીને, કેટલાંક નાંદીયાને વિશેષ પડતું મહત્ત્વ આપે છે અને નાંદીયામાં શ્રીવીરપ્રભુની વિદ્યમાનતાની મુર્ત્તિવાળું મંદિર હોવાનું મંતવ્ય સવિશેષણે પુરસ્કૃત કરે છે. જૈનોનાં પાંચ મહાતીર્થો કયાં કયાં છે એ સુપ્રસિદ્ધ છે; અને સંપ્રતિ રાજાના સમયમાં, સંઘ સાથે ત્રણ ત્રણ મહીને સિદ્ધાચળ, ગિરનાર, નાંદીયા વિગેરેની યાત્રા કરવી એ તો અશકય જ હતું. આથી નાંદીયા સંબંધી તેમનાં મંતવ્યો વાસ્તવિક નથી.

શ્રીવીરપ્રભુ ગુજરાત–કાઠીઆવાડ કે મારવાડમાં આવ્યા જ નથી. જેઓ પ્રભુ ગુજરાત કાઠીઆવાડ કે મારવાડમાં પધાર્યા હતા એમ કહે છે તેમનું કથન ભ્રમમાત્ર છે. પ્રભુનો વિહાર પૂર્વ હિન્દના પ્રદેશોમાંજ થયો હતો. તેમને ઉપસર્ગો પણ એજ પ્રદેશોમાં થયા હતા. બાકી બધી સ્થાપનાઓ છે.

શ્રીવીરપ્રભુના વિહાર આદિ સંબંધી જનતા સત્ય હકીકતો ગ્રહણ કરે એ આશા અને સુચના સાથે વિરમું છું.

લે૦ આચાર્ય મહારાજ,

**શ્રી વિજયેન્દ્રસૂરીશ્વરજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન તત્વસાર.

૧ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠી લેખાય છે.

૨ પાંચે જ્ઞાનમાં **મતિ** ને **શ્રુત** એ બે ઇન્દ્રિયનિમિત્તક હોવાથી **પરોક્ષ** જ્ઞાન અને **અવધિ, મનઃપર્યવ** અને **કેવળ** એ ત્રણ જ્ઞાન આત્મસાક્ષાત્ હોવાથી **પ્રત્યક્ષ** લેખાય છે. પ્રથમનાં બે **દેશ** ( અંશ ) **પ્રત્યક્ષ** અને **કેવળ સર્વપ્રત્યક્ષ** છે.

૩ અનુગામી ( સાથે ચાલનાર ), અનનુગામી, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી અને અપ્રતિપાતી એ રીતે અવધિના ૬ ભેદો તેમજ અસંખ્ય ભેદો પણ થાય છે.

૪ **પાંચ સમિતિ** અને **ત્રણ ગુપ્તિ** એવં આઠે **પ્રવચનમાતા** લેખાય છે તેમાં **સમિતિ** સાવધાનપણે ચારિત્રમાર્ગમાં પ્રવર્તવામાં તથા **ગુપ્તિ** અશુભ મન–વચન–કાયાના યોગ–વ્યાપારથી સર્વથા નિવર્તવામાં સહાયકારી થાય છે.

૫ પાંચે ઇન્દ્રિયોના શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શરૂપ વિષયોમાં આસક્તિ તજવી, અને તેનો જેમ બને તેમ પ્રશસ્તભાવે સદુપયોગ કરવાથી સુખી થવાય છે.

૬ માઠાં આર્ત્ત અને રૌદ્ર એ બે ધ્યાન તજવા અને શુભ ધ્યાન સેવવા ખપ કરવો.

૭ ક્રોધાદિ ચારે કષાયોને સંસારવર્ધક જાણી સુજ્ઞ જનોએ સર્વથા તજવા ઘટે.

૮ દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મ સમજી, વિવેકથી સેવવા જોઇએ.

૯ મૈત્રી, મુદિતા યા પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થતારૂપ ચારે ભાવનાને ભાવ રસાયણ સમાન સમજી ખૂબ આદરથી સેવવી, જેથી અન્ય ધર્મકરણી સફળ થાય.

૧૦ પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ ને રૂપાતીત એ ધર્મધ્યાનના ચાર પ્રકાર છે.

૧૧ અનિત્ય, અશરણાદિ બાર ભાવના દરેક ભવ્યાત્માને ભાવવા લાયક છે.

૧૨ અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, ને રસત્યાગાદિક છ પ્રકારના બાહ્ય તપ અને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાયધ્યાન અને કાયોત્સર્ગ રૂપ છ અભ્યંતર તપયોગે તીવ્ર અગ્નિયોગે જેમ સુવર્ણશુદ્ધિ તેમ આત્મશુદ્ધિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એ **નવતત્ત્વ** છે.

૧૪ કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ અને ઉદ્યમ એ પાંચે કાર્યસિદ્ધિના સહાયક છે.

૧૫ યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાનને **સમ્યક્ત્વ** અને વિપરીત શ્રદ્ધાનને **મિથ્યાત્વ** સમજવું.

૧૬ પાંચે ઇન્દ્રિયો, મન-વચન-કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દશ **દ્રવ્યપ્રાણ** અને જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય ને ઉપયોગરૂપ આત્મગુણને **ભાવપ્રાણ**રૂપ સમજી દ્રવ્યપ્રાણ ઉપરની મમતા તજી, **ભાવપ્રાણ** પ્રગટાવવા ખપ કરવો ઘટે.

૧૭ શુષ્કવાદ, વિવાદ ને ધર્મવાદમાં પહેલા બે તજી, ધર્મવાદમાં રૂચિ જોડવી ઘટે.

૧૮ આત્મસાધનમાં ઉજમાળ એવા સાધુ-સાધ્વી-શ્રાવક ને શ્રાવિકા એ ચતુર્વિધ **સંઘ** છે.

૧૯ અરિહંત, સિદ્ધ, સાધુ ને કેવળીભાષિત ધર્મ એ ચારનું શરણુ આદરવું યોગ્ય છે.

૨૦ રાગ-દ્વેષ-મિથ્યાત્વાદિક ૧૮ દોષવર્જિત ને સર્વજ્ઞ--સર્વદર્શી-મહાઅતિશયધારી, સર્વ જગજીવહિતકારી **તીર્થંકરદેવ** અરિહંત, અરૂહંત ને અરહંત કહેવાય છે.

૨૧ દુઃખગર્ભિત, મોહગર્ભિત ને જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં **જ્ઞાનગર્ભિત** શ્રેષ્ઠ છે.

૨૨ **નિશ્ચય** અને **વ્યવહાર** એ દરેક વસ્તુનું આંતર ને બાહ્ય સ્વરૂપ સમજવારૂપે છે.

૨૩ ચાર સદ્દહણાદિક ૬૭ બોલો સમકિતનાં ખાસ વિચારી લેવા યોગ્ય છે.

૨૪ મિથ્યાત્વાદિક ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ સમજી, આગળ વધાય તેમ કરવું ઘટે.

૨૫ જ્ઞાનાતિશય, અપાયાપગમાતિશય, વચનાતિશય, ને પૂજાતિશય એ ચાર મુખ્ય અતિશયો સર્વે તીર્થંકરોને હોય છે, તેથી ઘણો ઉપગાર સધાતો રહે છે.

૨૬ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, કથાનુયોગ ને ચરણકરણાનુયોગ એ ચાર અનુયોગો જૈન પ્રવચનમાં ભાખ્યા છે. સુબુદ્ધિશાળી જનો તેનો લાભ લેય છે.

૨૭ સૂત્રાભ્યાસ, અર્થાભ્યાસ, વસ્તુઅભ્યાસ ને અનુભવઅભ્યાસ એ ચાર પ્રકારના અભ્યાસ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ માસમાં થએલા નવા આચાર્ય મહારાજો.

આચાર્ય શ્રી. વિજયનેમિસૂરિજી મહારાજના વરદ રસ્તે શ્રી અમદાવાદ મુકામે ૧ પંન્યાસ શ્રી. લાવણ્યવિજયજી મહારાજ, ૨ પં. શ્રી. અમૃતવિજયજી મહારાજ, ૩ પં. શ્રી. પદ્મવિજયજી મહારાજશ્રીને વૈશાક શુદિ ૪ ના રોજ આચાર્ય પદવી આપવામાં આવી છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના વરદ હસ્તે વૈશાક શુદ ૬ ને સોમવારે પહેલા અમૃત ચોઘડીયામાં માયાંગામમાં આચાર્યશ્રીના શિષ્ય ઉપાધ્યાયજી શ્રી લલિતવિજયજી મહારાજ તથા શ્રીમાન્ ઉદ્યોતવિજયજી મહારાજના શિષ્ય પંન્યાસજી મહારાજશ્રી કસ્તૂરવિજયજી મહારાજને શ્રી સંઘ સમસ્ત આચાર્યપદ સમર્પણ કરવામાં આવ્યું. એ જ દિવસ તે જ પ્રમાણે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના શિષ્ય તપસ્વીશ્રી વિવેકવિજયજી મહારાજના શિષ્ય પંન્યાસજી શ્રી ઉમંગવિજયજી મહારાજને વલાદ મુકામે અને આચાર્ય મહારાજના શિષ્ય પંન્યાસજી શ્રી વિદ્યાવિજયજી મહારાજને ગુજરાંવાલા પંજાબમાં આચાર્ય પદવી આપવામાં આવેલ છે.

આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીના વરદ હસ્તે શ્રી પાલીતાણામાં પંન્યાસજી શ્રી માણેકસાગરજી મહારાજ, પંન્યાસજી શ્રી કુમુદવિજયજી મહારાજ, પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ ( સમીવાળા ) તથા પંન્યાસજી શ્રી પદ્મવિજયજી મહારાજને વૈશાક શુદિ ૪ ના રોજ આચાર્ય પદવી આપવામાં આવેલ છે.

પાટણમાં શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પં૦ શ્રી હિમ્મતવિજયજી મહારાજના હસ્તે શ્રી ધર્મવિજયજી મહારાજને તથા શ્રી મેઘવિજય મહારાજને વૈશાક શુદિ ૨ ના રોજ આચાર્ય પદવી આપવામાં આવી છે.

પ્રભાસપાટણમાં શ્રી સંઘ તરફથી આચાર્યશ્રી વિજયમોહનસૂરિજી મહારાજના વરદ હસ્તે તેમના શિષ્ય ઉપાધ્યાય શ્રી પ્રતાપવિજયજી મહારાજને વૈશાક શુદિ ૩ ના રોજ આચાર્ય પદવી આપવામાં આવી છે.

શ્રી નવાગામ સંઘ તરફથી મહોપાધ્યાય શ્રી દેવવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી મોતીસાગરજી મહારાજને આચાર્ય પદવી વૈશાક શુદિ ૧ ના રોજ આપવામાં આવી.

મુંબઇમાં આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિ મહારાજના વરદ હસ્તે ઉપાધ્યાય શ્રી રામવિજયજી મહારાજને વૈશાક શુદિ ૬ ના રોજ આચાર્ય પદવી આપવામાં આવેલ છે.

---

**૨૮ અક્ષુદ્રતાદિક ૨૧ ગુણો ધર્મરત્નની પ્રાપ્તિ માટે ખાસ ઉપયોગી હોઇ સહુ આત્માર્થી સજ્જનોએ ખાસ તે બધા કાળજીપૂર્વક અપનાવવા યોગ્ય છે.**

**૨૯ ક્ષમાદિક દશવિધ યતિધર્મનું આરાધન મહાકલ્યાણકારી છે.**

**સ૦ મુનિરાજ શ્રીકર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

(મૂળ, ભાષ્ય, ટીકા સહિત)

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક-લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યા મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણોજ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર સુંદર શાસ્ત્રી અક્ષરોમાં શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે સુશોભિત મજબુત બાઇંડીંગ થાય છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. આવતા માસમાં પ્રગટ થશે.

---

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ.

### (ગ્રંથમાળા) તરફથી પ્રકાશિત થયેલા અને થતાં પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | **શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર** મૂળ. | ૦-૨-૦ |
| ૨ | **પ્રાકૃતવ્યાકરણ** (અષ્ટમાધ્યાય સૂત્રપાઠ). | ૦-૪-૦ |
| ૩ | **શ્રી વીતરાગ-મહાદેવ સ્તોત્ર** મૂળ સાથે ભાષાંતર. | ૦-૪-૦ |
| ૪ | **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** (શ્રી આત્મારામજી મહારાજ) નું જીવનચરિત્ર | ૦-૮-૦ |
| ૫ | **શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ.** | ૦-૪-૦ |
| ૬ | **શ્રી બ્રહ્મચર્ય-ચારિત્ર પૂજા, પંચતીર્થ પૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીકૃત.** (ગુજરાતી અક્ષરમાં) | ૦-૨-૦ |

### છપાતાં ગ્રંથો.

૧ **શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર (મૂળ દશે પર્વ)** પ્રત તથા બુકાકારે. **(નિર્ણયસાગર પ્રેસમાં)**

૨ **ધાતુપારાયણ.** ૩ **શ્રી વૈરાગ્ય કલ્પલતા** (શ્રી યશોવિજયજીકૃત) પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃતિ.

શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર (પ્રથમપર્વ) તૈયાર થઇ ગયું છે. (બુકકારે તથા પ્રતાકારે) બાઇંડીંગ થાય છે, આવતા માસમાં પ્રગટ થશે.

### નવા દાખલ થયેલા માનવંતા લાઇફમેમ્બરો.

| | | |
|---|---|---|
| ૧ | કપાસી ગુલાબચંદ અમરચંદ | ભાવનગર |
| ૨ | શાહ પ્રતાપરાય પરભુદાસ દલાલ | ,, |
| ૩ | શેઠ હિમ્મતલાલ ફત્તેહચંદ | ,, |
| ૪ | શેઠ કાન્તિલાલ સુરચંદ મહેતા | પાટણ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને નમ્ર સૂચના.

## આવતા માસમાં ભેટની બુકની હકીકત જણાવવામાં આવશે.

આ માસિકનું તેત્રીશમું વર્ષ આવતા અશાડ માસના અંક સાથે પુરૂં થાય છે.

ગ્રાહકોને વારંવાર વી.પી. પોસ્ટના ખર્ચના બોજામાં ન ઉતરવું પડે માટે અમો એક વર્ષનું લવાજમ ગ્રાહકો પાસે લેણું રહેવા દઇ. બે વર્ષના લવાજમનું એક સાથે વી.પી. કરીએ છીએ.

સં. ૧૯૯૧ ના શ્રાવણથી સં. ૧૯૯૨ ના અશાડ સુધીના એક વર્ષના લવાજમના રૂ. ૧–૪–૦ લેણા રહે છે, તે તથા સં. ૧૯૯૨ ના શ્રાવણથી સં. ૧૯૯૩ ના અશાડ માસ સુધીના લવાજમના રૂ. ૧–૪–૦ મળી કુલ વર્ષ બે ( આત્માનંદ પ્રકાશ પુસ્તક ૩૩, ૩૪ ) ના લવાજમના રૂ. ૨–૮–૦ અને ભેટની બુકના પોસ્ટેજના રૂ. ૦–૩–૦ મળી કુલ, રૂ. ૨–૧૧–૦ આપશ્રી, મનીઓર્ડરથી મોકલાવી આપવા કૃપા કરશો.

આપને ગ્રાહક રહેવા ઇચ્છા ન હોય તો. ચડેલા લવાજના રૂ. ૧–૪–૦ મનીઓર્ડરથી મોકલીને આપની ઇચ્છા જણાવશો પરંતુ વી.પી. પાછું વાળી આ જ્ઞાનખાતાને નુકશાનીમાં ન ઉતારશો.

આપના તરફથી કંઇપણ જવાબ નહીં આવે તો આપને ગ્રાહક તરીકે ચાલુ રહેવા સંપૂર્ણ ઇચ્છા છે, તેમ માની દરવર્ષ મુજબ વી.પી. કરવામાં આવશે. જે આપ સ્વીકારી લેશો.

મનીઓર્ડરથી નાણા મોકલવાથી વી પી. પોસ્ટેજ ખર્ચનો આપશ્રીને બચાવ થાય છે. તે વસ્તુ ઉપર આપશ્રીનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

**કાયમી ગ્રાહકોને વિનંતિ કે દરવર્ષે લવાજમ ભરવું ન પડે અને એક જ વખત રૂપીયા પચીશ આપવાથી જીંદગી સુધી આત્માનંદ પ્રકાશ ( તેની ભેટની બુક સાથે ) ભેટ મળી શકશે. કેટલાક ગ્રાહકો થયા છે જેથી તેમ થવા અન્યને વિનંતિ છે.**

**શ્રી જૈન આત્માનંદ સભા.**
**ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું. — ભાવનગર.

For Private And Personal Use Only